## QDB – 25

# ગુજરાતી સાહિત્ય (GUJARATI LITERATURE)

**સમય : ૩ કલાક ]** **[ કુલ ગુણ : ૨૦૦**

સૂચના :

૧. પ્રશ્નપત્ર A,Bઅને C ભાગમાં છે.પ્રત્યેક ભાગમાં લખવાના પ્રશ્નો તથા તેના ગુણ આપવામાં આવેલ છે.

૨. પ્રશ્નપત્ર અંગ્રેજીમા છે.પ્રશ્નપત્રનાં જવાબ અંગ્રેજીમા જ લખવા.

3. પ્રત્યેક ભાગના પ્રશ્નોના જવાબ એક સાથે-સળંગ ક્રમમાં લખવાના રહેશે.એક ભાગ સાથે બીજા ભાગના પ્રશ્નોનાં જવાબ લખેલા હશે તો તપાસવામા નહીં આવે.

૪. ભાગ A,B તથા C માં જવાબો સૂચવેલી શબ્દસંખ્યામાં જ લખવા.

## વિભાગ-A

ગુણ :૪૦

સૂચના : ૧. પ્રશ્નક્રમાંક : ૧ થી ૨૦

૨. બધાજ પ્રશ્નોના જવાબો લખવાના છે.

3. દરેક પ્રશ્નના ૨ ગુણ છે.

૪. જવાબ ૨૦ થી 30 શબ્દોની મર્યાદામા લખવા.

**૧. 'ભરતેશ્વર-બાહુબલિરાસ' (ઈ.સ.૧૧૮૫) ના રચયિતા કોણ?**

**૨. 'પૃથ્વીચંદ્રચરિત' ક્યા પ્રકારની કૃતિ છે? ગધ્ય,પધ્ય કે નાટ્ય?**

**૩. નરસિંહ-મીરાના પદ વખણાય તો અખા અને દયારામના ક્યા કાવ્યસ્વરૂપ વખણાય?**

**૪. પધ્યવાર્તા સાથે ક્યા સર્જકનુ નામ જોડાયેલુ છે?**

**૫. ‘કરણઘેલો’ નવલકથા કઈ સાલમાં રચાઈ?તેના સર્જક કોણ?**

**૬. ‘ઓથરિયો હડકવા’ નિબંધના લેખક કોણ?તેઓ ગુજરાતી સાહિત્યમાં ક્યા ક્ષેત્રે જાણીતા છે?**

**૭. કાન્તના કોઈ પણ બે ખંડકાવ્યનાં શીર્ષક જણાવો.**

૮. નર્મદ તથા ગાંધીજીની આત્મકથનાં નામ જણાવો.

૯. 'મલયનિલ' તથા 'ધૂમકેતુ' ઉપનામે ટૂંકી વાર્તા લખનાર સર્જકોના મૂળનામ જણાવો.

૧૦. ચાર ભાગમાં પ્રકાશિત થયેલી કોઈ પણ બે ગુજરાતી નવલકથાના નામ જણાવો.

૧૧. 'વીસમી સદી' તથા 'પ્રસ્થાન' આ બે સામાયિકના સંપાદકનાં નામ જણાવો.

૧૨. ક.મા.મુનશી તથા મનુભાઈ પંચોળીના ઉપનામ જણાવો.

૧૩. ઝવેરચંદ મેઘાણીની બે જાણીતી વાર્તાનાં નામ લખો.

૧૪. 'કવિતા, આત્માની માતૃભાષા, મૌનનો દેહ,આસવ અસ્તિત્વનો.....'આ પંક્તિ ક્યા કવિની છે?

૧૫. ક્યા ચાર સર્જકોને 'જ્ઞાનપીઠ' પુરસ્કાર મળ્યો છે?

૧૬. 'પરબ' તથા 'શબ્દસૃષ્ટિ' કઈ બે સાહિત્યિક સંસ્થાઓ દ્વારા પ્રકાશિત થાય છે?

૧૭. વિષયવસ્તુ સંદર્ભે અનુઆધુનિક ટૂંકી વાર્તા ક્યા ક્યા નામે ઓળખાય છે?

૧૮. સુરેશ જોશીની બે નવલકથાના નામ જણાવો.

૧૯. હિમાંશી શેલતના બે વાર્તાસંગ્રહના નામ જણાવો.

૨૦. 'ધ્વનિ' તથા 'શાંત કોલાહલ'ના કવિનુ નામ જણાવો.

## વિભાગ–B ગુણ :૬૦

સૂચના:
1. પ્રશ્નક્રમાંક :૨૧ થી ૩૨
2. બધાજ પ્રશ્નોના જવાબ લખવાના છે.
3. દરેક પ્રશ્નના ગુણ ૫ છે.
4. જવાબ આશરે ૫૦ થી ૬૦ શબ્દોમાં લખવા.

૨૧. લોકસહિત્યની જણીતી વ્યાખ્યાઓ દ્વારા તેની વિભાવના સ્પષ્ટ કરો.

૨૨. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની મહત્વની લાક્ષણિક્તાઓ જણાવો.

૨૩. 'મધ્યકાળમાં નરસિંહની કવિતા ભક્તિમાર્ગી કવિતાનું મહત્વનું શૃંગ છે' આ વિધાનની સદ્રષ્ટાંત ચર્ચા કરો.

૨૪. પ્રેમાનંદના મહત્વના આખ્યાનોમાં આલેખાયેલા સમકલીન ગુજરાતી રંગો વિશે સદ્રષ્ટાંત ચર્ચા કરો.

૨૫. સાહિત્યક્ષેત્રે કેટલાં સ્વરુપોમાં નર્મદે ભોંય ભાંગનારાનું કામ કર્યું તે ઉદાહરણ સાથે લખો.

૨૬. 'કનૈયાલાલ મુનશીની નવલકથાઓમાં પાત્રનિરુપણ' આ વિશે મહત્વના પાંચ મુદ્દા લખો.

૨૭. 'આદર્શ એકાંકી' ને ધ્યાનમાં રાખી એકાંકી સ્વરુપનાં મહત્વાનાં લક્ષણો લખો.

૨૮. ઝવેરચંદ મેઘાણીની વાર્તાઓમાં સામાજિક સમસ્યાઓનું નિરુપણ કઈ રીતે થયું છે તે સદ્રષ્ટાંત ચર્ચો.

૨૯. રાજેન્દ્ર શાહના સૉનેટ વિશે નોંધ લખો.

૩૦. ગુજરાતી ટૂંકીવાર્તાના વિકાસના મહત્વના તબક્કા વિશે લખો.

૩૧. સાંપ્રત ગુજરાતી વિવેચનની ગતિવિધિ સમજાવો.

૩૨. ગુજરાતી નવલકથામાં ગ્રામચેતનાની મહત્વની કૃતિઓ આપનારા સર્જકો વિશે નોંધ લખો.

## વિભાગ : C  ગુણ:૧૦૦

સૂચના : ૧. પ્રશ્નક્રમાંક : ૩૩ થી ૩૯
૨. નીચેના સાત પૈકી ગમે તે પાંચ પ્રશ્નોના જવાબો લખવાના છે.
૩. દરેક પ્રશ્નના ૨૦ ગુણ છે.
૪. જવાબ આશરે ૨૦૦ શબ્દોની મર્યાદામાં લખવા.

૩૩. લોકવિદ્યા અને લોકસાહિત્ય વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરી લોકગીતનાં લક્ષણો તથા પ્રકારો વિશે ચર્ચા કરો.

૩૪. આખ્યાનસ્વરુપનાં લક્ષણોની ચર્ચા કરી પ્રેમાનંદ આપણો સૌથી શ્રેષ્ઠ આખ્યાનકાર કેમ ગણાય છે તેની સદ્રષ્ટાંત ચર્ચા કરો.

૩૫. 'ખંડકાવ્યના લક્ષણોની દ્રષ્ટિએ જોઈએ તો કાન્ત આપણા શ્રેષ્ઠ ખંડકાવ્યકાર છે' આ વિધાનની ચર્ચા કાન્તનાં ખંડકાવ્યને આધારે કરો.

૩૬. 'ગોવર્ધનરામની 'સરસ્વતીચંદ્ર' આજે પણ ગુજરતી નવલકથા માટે એક માપદંડ ગણાય છે.' આ વિધાનની વિગતે ચર્ચા કરો.

૩૭. 'કવિતા, એકાંકી, ટૂંકીવાર્તા કે વિવેચન......સ્વરૂપ કોઈપણ હોય પણ ઉમાશંકર જોશી આપણી ભાષાના મોટા ગજાના સર્જક છે' આ વિધાનની ચર્ચા કરતા ઉમાશંકર જોશીના સાહિત્યિક પ્રદાનનું મૂલ્યાંકન કરો.

૩૮. ગુજરતી સાહિત્યક્ષેત્રે સુરેશ જોશીએ કરેલ પ્રદાનને મુલવો.

૩૯. સમકાલીન ગુજરાતી ટૂંકી વાર્તાની મહત્વની લાક્ષણિક્તાઓ સદ્રષ્ટાંત સમજાવો.